ગાંધીનગર સમાચાર




## ગાંધીનગર જિલ્લા તંત્રએ ૪૦ હજાર ફૂડપેકેટ બનાસકાંઠા મોકલ્યા

બનાસકાંઠા જિલ્લામાં અતિભારે વર્ષાથી ઉભી થયેલી સ્થિતિમાં ફસાયેલા લોકો માટે જિલ્લા તંત્રએ આજે ૪૦ હજાર જેટલા ફુડપેકેટ્સ બનાવી પાલનપુર બે ટ્રક દ્વારા મોકલ્યા છે. સાત હજાર જેટલા સુકા નાસ્તાના પેકેટ્સ્ તેમજ ૩૦ હજારથી વધુ થેપલા, મરચા અને પાણીના પાઉચ સાથેના પેકેટ્સ્ મોકલવામાં આવ્યા છે. ૩ હજાર જેટલા પેકેટ્સ્ સુખડીના છે. શહેર અને જિલ્લાની સ્વૈચ્છીક અને સેવાભાવી સંસ્થાઓની મદદથી આ ફુડપેકેટ્સ્ તૈયાર કરી અને આજે બપોરે બે વાગે રવાના કરવામાં આવ્યા હતા. જિલ્લાતંત્ર દ્વારા આ કાર્યમાં સહયોગ આપનાર સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી આ સેવા કાર્યને બિરદાવ્યું હતું.

(તસવીર : દિપક જાની)

## શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે ડૉ. કૌશિક શાહ નિમાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ડૉ. કૌશિક



શાહની નિમણુંક કરવામાં આવી છે.

ડૉ. કૌશિક શાહ ગાંધીનગરતાલુકા પંચાયતના પ્રમુખપદે રહી ચુકયા છે તેમજ હાલ તેઓ જનરલ પ્રેકટીસનર તરીકે ચિલોડા-ગાંધીનગરમાં કાર્યરત છે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી મુકેશ પટેલના તેઓ અનુયાયી બનશે અને આગામી એકાદ-બે

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ધરાશાયી થયેલા પેલ્ટોફોરમ વૃક્ષોના મુળિયા ઉંડા હોતા નથી

**વૃક્ષો ૨૦ વર્ષથી અડીખમ ઉભા હતા : જિલ્લામાં છેલ્લા ૪ દિવસમાં ૧૪૬૫ વૃક્ષોનો ખાતમો-નમી પડેલા વૃક્ષોનુ માર્કીંગ શરૂ : ટુંકમાં દુર કરાશે**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ચાર દિવસ દરમિયાન ૧૪૬૫ વૃક્ષો ધરાશાયી થયા હોવાનુ વન વિભાગના સર્વેના અંતે ધ્યાને આવ્યુ છે. જેમાંથી ૧૧૩૬ જેટલા વૃક્ષો વિભાગ દ્વારા એક સાઈડ કરીને રસ્તા ખુલ્લા કરવામાં આવ્યા છે.વન વિભાગે આ માટે ૨૨ ટીમો કામે લગાડી છે.જેમાં ૧૬૮ મજુરો વૃક્ષો દુર કરવાની કાર્યવાહીમાં જોડાયા છે.જો કે હજુ વૃક્ષો દુર કરવાની કાર્યવાહી સંપૂર્ણ પૂર્ણ થતા ૧૫ દિવસનો સમય લાગશે. શહેરમાં જે વૃક્ષો ધરાશાયી થયા તે મોટાભાગના પેલ્ટોફોરમના ઝાડ છે. ઉપરથી ઘટાદાર તેમજ વજનવાળા આ વૃક્ષોના મુળિયા ઉંડા ન હોવાથી આવા વાતાવરણમાં વૃક્ષો ઝડપથી જમીનદોસ્ત થઈ જાય છે.ગાંધીનગર શહેરમાં છેલ્લા ચાર દિવસમાં ૮૫૯ વૃક્ષોનો સોથ વળી ગયો છે. શહેરમાં



નમી પડેલા ભયજનક વૃક્ષોનો પણ સર્વે હાથ ધરવામાં આવ્યો છે.

શહેરમાં છેલ્લા ચાર દિવસથી વરસાદી વાયરો યથાવત રહેતા શહેરના માર્ગો તેમજ હરિયાળીને વિશેષ નુકશાન થયુ છે. શહેર તેમજ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં અનેક ઠેકાણે વૃક્ષો તુટી પડતા નગરનુ જનજીવન વિશેષરૂપે પ્રભાવિત થયુ છે. વન વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ છેલ્લા ચાર દિવસમાં જિલ્લામાં ૧૪૬૫ વૃક્ષો ધરાશાયી થયા છે. જેમાંથી ૧૧૩૬ વૃક્ષો રોડ સાઈડ કરી દેવાયા છે.વન વિભાગની ૨૨ ટીમમાં ૧૬૮ મજુરો કામે લાગ્યા છે. વરસાદી વાતાવરણમાં ધરાશાયી થયેલા મોટાભાગના પેલ્ટોફોરમના વૃક્ષો છે. જેના મુળિયા ઉંડા ન હોવાથી વજન તેમજ પોચી જમીનમાં ટકી શકતા નથી. શહેરમાંથી પણ ૬૦૦ જેટલા વૃક્ષોને માર્ગ વચાળેથી દુર કરવામાં આવ્યા છે. જયારે ઘણાં ખરા વૃક્ષો નમી પડેલી હાલતમાં છે આવા ભયજનક વૃક્ષોને દુર કરવા પણ વનતંત્ર દ્વારા માર્કીંગ કરવામાં આવી રહયુ છે. જેના અંતે આવા વૃક્ષો પણ દુર કરવામાં આવશે.




# શહેરમાં રદ કરાયેલા પ્લોટોમાં ૧૫થી ૧૭ કરોડ વધુ મળ્યા

**આગામી સપ્તાહે ઈ. હરાજીનો વિગતવાર અહેવાલ તૈયાર કરી સરકારને મોકલવામાં આવશે**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના જે ૧૪ પ્લોટોની હરાજી તંત્ર દ્વારા રદ કરવામાં આવી હતી તે પ્લોટોમાંથી સરકારને ૧૫થી ૧૭ કરોડની આવક વધુ થઈ છે.

શહેરમાં૯૮ પ્લોટોની હરાજી માટે સરકારે મંજૂરી આપી હતી. આ પ્લોટોની પ્રથમવાર ઈ. હરાજી કરવામાં આવી હતી. આ પ્લોટોમાંથી ૫૪ પ્લોટોમાં બિડર નહિ મળવાને કારણે હરાજી રદ કરાઈ હતી.

જોકે આ પછી ઈ. હરાજીની આ પ્રક્રિયામાં થયેલા વિવાદોને પગલે અને ઓછી કિંમત મળી હોવાનું જણાવી તંત્રએ ૧૪ પ્લોટોની હરાજી રદ કરવાનો નિર્ણય કર્યો હતો.

આ પછી પુનઃ ૬૮ પ્લોટોની ઈ. હરાજી ૨૮મી જુલાઈના રોજ યોજવામાં આવી હતી. આ વખતે પણ ૩૪ જેટલા પ્લોટોમાં બિડર નહી મળવાને કારણે તંત્રને તે પ્લોટોની હરાજી રદ કરવાની ફરજ પડી છે.

મળતી વિગતો પ્રમાણે જે ૧૪ પ્લોટોની હરાજી રદ કરવામાં આવી છે તેમાં અગાઉની હરાજી કરતાં સારા ભાવ મળ્યા છે તેમજ આવકમાં રૂ. ૧૫ થી ૧૭ કરોડનો ફાયદો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર



સાફ-સફાઈ : શહેરના માર્ગો પર વરસાદ અને પવન બાદ સાફ-સફાઈ અભિયાન જોર-શોરથી ચાલી રહ્યું છે... છેલ્લા સપ્તાહથી ભારે વરસાદ અને તોફાની પવનના પગલે ઠેર-ઠેર ગંદકીના ઢગ ખડકાયા હતા. સંખ્યાબંધ વૃક્ષો ધરાશાયી થતાં પાંદડા અને ડાળખાઓ જાહેર માર્ગો પર પથરાઈ ગયા હતા... ઉડતા પાંદડા, પ્લાસ્ટીકના પાઉચ અને કાદવ-કિચડથી શહેરના માર્ગો ખૂબ જ વ્યાપક પ્રમાણમાં ગંદા થયા હતા... બુધવાર બપોર બાદ ઉઘાડ નીકળતા મહાનગરપાલિકા દ્વારા સૌપ્રથમ જાહેર માર્ગોની સાફ-સફાઈની કામગીરી આરંભાઈ હતી...

## આગામી દસ દિવસમાં હજુ વધુ સારો વરસાદ : અંબારામ પટેલ

ગાંધીનગર, તા. ૩૦

હમણાં રાજયના ઘણા ભાગોમાં ભારે વરસાદ થવામાં છે તેમજ જનજીવન કેટલાક ભાગોમાં અસ્તવ્યસ્ત થવામાં પણ છે. ગ્રહો અને ભૂભૌગોલિક બાબતો તેમજ અન્ય આધારે જોતાં આગામી થોડાક જ દિવસોમાં ઉઘાડ નીકળતા જ્યાં ઉભા કૃષિ મોલને સાનુકૂળતા છે ત્યાં પાકની વૃદ્ધિ સારી રહે જ્યારે જ્યાં વધુ વરસાદ છે ત્યાં વરાપ થતાં તેલીબીયા જેવા પાકો અને ટુંકી મુદતના પાકોનું તેમજ ઘાસચારાનું વાવેતર થઈ શકે. હમણાં થયેલો ભારે વરસાદ પુષ્યનક્ષત્રમાં થયેલ હોવાથી પુષ્યનક્ષત્રનું પાણી સારૂ ગણાય છે. વળી ઉઘાડ પછી આગામી થોડાક જ દિવસોમાં પુનઃ બંગાળાના ઉપસાગરનું વહન સક્રિય થવાની વકી રહેતાં જ્યાં સારો વરસાદ થયો છે ત્યાં માગ્યા મેહ વરસે તેવું બનશે. ઓગષ્ટ તા. ૩ થી બંગાળાના ઉપસાગરનું વહન સક્રિય થતાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડીસાના ભાગોમાં વરસાદની વકી સાથે દક્ષિણ ગુજરાતના ભાગો બારડોલી, આહવા, ડાંગ, સાપુતારા, સુરતના ભાગોમાં વરસાદની વકી રહે. નર્મદાનો જળસ્ત્રાવ વધે જ્યારે તાપીના વિસ્તારોમાં પણ વરસાદની વકી રહે. ધરોઈ બંધમાં પાણીની આવક જણાય.

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com